
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૩ ટકા

# શહેરના હોમ બ્યુટીપાર્લરની ઘરાકીમાં ઘટાડો

## તહેવારની ઉજવણી ન થવાથી અને કોરોનાના ડરથી શહેરીજનો જરૂર વગર બ્યુટીપાર્લરની મુલાકાતે જતા નથી



ગાંધીનગર, તા.૨૯

કોરોનાના કહેર વચ્ચે શહેરીજનો પોત પોતાના વેપાર ધંધાને વિકસાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે તહેવારો વચ્ચે પણ શહેરીજનો તહેવારની ઉજવણીને લઈને ઉત્સાહિત જણાઈ રહ્યા નથી. આમ તો તહેવાર આવવાના હોય તે પહેલા જ શહેરની બહેનો બ્યુટીપાર્લર કે સલૂનની પ્રી એપોઈન્ટમેન્ટ લઈ જ લેતી હોય છે જેથી તહેવારોમાં તમામ સુંદર અને દરેકથી અલગ લાગી શકે અને શહેરના બ્યુટીપાર્લર અને સલૂનમાં પણ શ્રાધ્ધ દરમિયાન જ વિવિધ બ્યુટી પેકેજીસ બનાવી દેવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોનાને કારણે નવરાત્રી થવાની ન હોવાથી બ્યુટીપાર્લર ચલાવનારને નુકશાની થઈ છે સાથે બ્યુટી ટ્રીટમેન્ટસ કરાવવા આવનાર કલાયન્ટસમાં પણ ઘટાડો થયો છે.

આ વર્ષે તહેવારોની મોસમ જામી નથી ત્યારે તહેવારોમાં સજીધજીને રહેતા શહેરના યુવાનથી લઈ મોટા તમામ બહેનોએ આ વર્ષે સીમ્પલી તહેવાર મનાવવાનું નક્કી કર્યું હોય તેમ જણાઈ રહ્યું છે. આમ પણ મેક-અપ તો નવરાત્રીમાં કરવાનો નથી અને ગરબા રમવા જવાનું નથી તો પાર્લરમાં જઈ પ્રી-ટ્રીટમેન્ટ લેવાનો શું મતલબ આવું શહેરના ખેલૈયા યુવાનોનું કહેવું છે. સાથે બ્યુટીપાર્લર ચલાવનાર બહેનો પણ આ વર્ષે તેમને નુકશાન થયું હોવાનું જણાવી રહ્યા છે.

આ બાબતે શહેરના બ્યુટીપાર્લર ચલાવનાર નેહા પરમાર સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે, નવરાત્રી આવતા પહેલા જ પ્રી નવરાત્રી પેકેજીસથી લઈ નવરાત્રીના દિવસોમાં મેક-અપ કરવા માટેના પેકેજ બુક થવા લાગે છે. પરંતુ આ વર્ષે તો સિમ્પલ સર્વિસ માટે પણ કસ્ટમર્સ આવતા નથી. નવરાત્રી તો કેનસ્લ જ છે એટલે મેકઅપ કરવા માટેના કસ્ટમર્સ તો નહી જ આવે એટલે તેમાં તો સો ટકા નુકશાન થયું છે સાથે હેર કટ કે સ્પા કે અધર સર્વિસ હવે જલ્દી કોઈ કરાવતું જ નથી. ફકત આઈબ્રો અને હેન્ડ વેકસીંગ બહેનો કરાવી રહ્યા છે તે પણ જરૂર પડે ત્યારે જ એટલે આ રીતે પણ પચાસ ટકા માર્કેટ ડાઉન છે.

આ ઉપરાંત કુંજલબેન પટેલ જેઓ હાલ હોમ સર્વિસ બ્યુટી ટ્રીટમેન્ટ આપી રહ્યા છે તેમને આ બાબતે વાત કરતા જણાવે છે કોરોનાના ડરથી કસ્ટમર્સ મારા ઘરે આવતા ડરે છે તો મેં હોમ બ્યુટી સર્વિસ આપવાનું શરૂ કર્યું છે. ઉપરાંત હું વીકલી બ્યુટી પેકેજીસ પણ મુકતી હોઉં છું પરંતુ છતાંય દર મહીને માંડ પચાસ ટકા કલાયન્ટ મળે છે તેમાં પણ અમુક તો હજી ડરે છે અને ડરતા ડરતા જ બ્યુટી ટ્રીટમેન્ટ કરાવે છે.

કોરોનાએ અનેકની રોજીરોટી પર કાપ મૂકયો છે અને જયારે યુવાન છોકરીઓ પોતાના લુક અને અપીઅરન્સ બાબતે સજાગ રહેતી હોય છે ત્યારે કોરોનાએ આ સમગ્ર વર્ગને પણ બ્યુટી ટ્રીટમેન્ટ ન લેવા અથવા તો ઓછા પ્રમાણમાં કરાવવા માટે મજબૂર કરી દીધા છે. જેને કારણે બ્યુટીપાર્લરની બહેનો અને ખાસ જેની કમાઈથી જ ઘર ચાલતું હોય તેવી બ્યુટીશીયન બહેનો પર આભ ફાટી પડયું છે. સિઝનમાં કમાવવાનું પણ હવે રહ્યું નથી ત્યારે વર્કીંગ દિવસોમાં પણ ખાસ ઘરાકી તેમને હોતી નથી. જેને લીધે વિવિધ પેકેજીસ બનાવી તે રીતે પણ જો કલાયન્ટ મળે તો તેઓ બ્યુટી ટ્રીટમેન્ટ પ્રોવાઈડ કરી રહ્યા છે.



ભરપૂર વરસાદ વરસ્યા બાદ ગાંધીનગરમાં ઠેર ઠેર વનસ્પતિઓ ઉગી નીકળી છે. સેકટર-૨૨માં છ ટાઈપના સરકારી મકાનોની પાછળ ખૂબ વનસ્પતિ ઉગી નીકળી છે. અહીં બાળકોના રમવા માટે હિંચકા, લપસણી જેવા સાધનો લગાવાયા છે પરંતુ જંગલી વનસ્પતિના કારણે બાળકો અહીં રમી શકતા નથી. અહીં સાફ સફાઈ માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં સાફ સફાઈ ન થતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

# કોલવડા-પુન્દ્રાસણ માર્ગ પરથી ૧૭ પેટી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

કોલવડા - પુન્દ્રાસણ માર્ગ પર કેનાલ પાસે ખરાબાની જગ્યામાંથી ટેમ્પો રીક્ષા અને કારમાંથી વિદેશી દારૂનો જથ્થો પેથાપુર પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે રીક્ષામાંથી ૮ અને કારમાંથી ૯ મળી કુલ ૧૭ પેટી વિદેશી દારૂ, વાહન મળી કુલ રૂ. ૩,૯૨,૮૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી વાહનના નંબરના આધારે માલિક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ રાત્રીના સુમારે પેટ્રોલીંગમાં હતા. તે સમયે તેઓને ખાનગી રાહે દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેથી પેથાપુર પોલીસે કોલવડા-પુન્દ્રાસણ માર્ગ પર કેનાલ પાસે ખરાબાની જગ્યામાં તપાસ કરતા એક લોડીંગ રીક્ષા અને એસ્ટીમ કાર મળી આવી હતી. પોલીસે એસ્ટીમ કાર નં.જી.જે.૧૬.એ.એ.૬૫૭૬ નંબરની એસ્ટીમ કારમાં તપાસ કરતા ૯ પેટી દારૂ મળી આવ્યો હતો. જયારે પીયાગો લોડીંગ રીક્ષા નં.આર.જે.૨૭.-ટી.સી.-ટી.આર.નં.૦૨૨૨ નંબર પીળા કાગળથી ચીપકાવ્યો હતો.રીક્ષામાંથી પોલીસને ૮ પેટી દારૂની મળી આવી હતી. જો કે રાત્રીના સમયે વાહનની આસપાસ કોઈ નજરે પડ્યું ન હતું. જેથી પોલીસે ૨૦૪ બોટલ વિદેશી દારુ કિં.૯૨,૮૨૦, પીયાગો લોડીંગ રીક્ષા કિં. ૨ લાખ અને રૂ.૧ લાખની એસ્ટીમ કાર મળી કુલ રૂ.૩,૯૨,૮૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે દારૂની હેરાફેરીના સમયે અચાનક પોલીસ ત્રાટકતા આરોપીઓ અદ્રશ્ય થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે.



શહેરમાં રખડતા ઢોરોને પકડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. આ એજન્સી ઢોર પકડવા માટે જાય છે ત્યારે ગાય ભેંસના માલિક એવા ભરવાડો ટોળા બનાવીને તેઓને ભગાડી મૂકે છે. જેના કારણે રખડતાં ઢોરોની સમસ્યામાંથી શહેરને છૂટકારો મળતો નથી.

# ગાંધી જયંતીથી એક સપ્તાહ માટે શહેરમાં 'દાન ઉત્સવ' ઉજવવા હાકલ

## 'દાન ઉત્સવ' એ ભારતમાં દર વર્ષે ગાંધી જયંતીથી એક સપ્તાહ માટે ઉજવાતો ચેરિટી ઉત્સવ છે : બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાની હાકલ પર સ્વયંસેવકો દ્વારા સ્વયંભૂ રીતે ઉજવાતા દાન ઉત્સવમાં કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે

ગાંધીનગર, તા.૨૯

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી દાન ધર્મનું ખૂબ મહત્વ રહેલું છે. ભારતીય સંસ્કૃતિના દરેક તહેવારો સાથે દાન પુણ્યનો મહિમા જોડાયેલો છે. અત્યારના સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આજ પ્રથાને નવા સ્વરૂપે ઉજવાઈ રહ્યો છે જેમાં દર વર્ષે ગાંધી જયંતીથી એક સપ્તાહ માટે 'દાન ઉત્સવ' તરીકે ઉજવાય છે અને તેમાં કોઈ પણ વ્યક્તિ જોડાઈને પોતાની રીતે પોતાની આસપાસમાં કોઈ પણ ચીજવસ્તુ કે સેવાનું દાન કરી શકે છે.

વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલ આ તહેવાર હવે દર વર્ષે ઉજવવામાં આવે છે. ગાંધી જયંતીના પ્રારંભથી થી ૮મી ઓક્ટોબર સુધી ઉજવાતો દાન ઉત્સવ એ ભારતનો સૌથી મોટો ઓર્ગેનાઈઝ્ડ તહેવાર છે જે દરમિયાન વ્યકિતઓ ભેગા થઈને તેમનો સમય, સામગ્રી અથવા પૈસા આપીને દાન પુણ્યના કાર્યો કરે છે. તેઓ તેમની પસંદગીના કોઈપણ કારણો માટે એક રસપ્રદ રીત જે અત્યારે 'દાન ઉત્સવ' અને અગાઉ 'ગિવિંગ વીકનો આનંદ' કહેવાતો હતો એ ઉજવે છે. દિવાળી, ઈદ, નાતાલ, ફાધર્સ ડે અથવા મધર્સ ડેની જેમ વિશ્વભરમાં કોઈ પણ વ્યક્તિ આ ઉત્સવની ઉજવણી કરી શકે છે જેમકે ઓટો રિક્ષા ડ્રાઈવરોથી લઈને સીઈઓ, સ્કૂલનાં બાળકોથી લઈને સેલિબ્રિટી સુધી, ગૃહ નિર્માતાઓથી અભિપ્રાયનાં નેતાઓ અને મીડિયા કર્મચારીઓ સુધી, આ સમયગાળા દરમિયાન લાખો લોકો જીવન, સમુદાયને પોતાનો સમય, નાણાં, સંસાધનો અથવા કુશળતા આપવા માટે આ અઠવાડિયા દરમિયાન ભેગા થાય છે. તેઓ તેમની પસંદગીની ઈવેન્ટ્સ બનાવીને અથવા તેમાં ભાગ લઈને આ કરે છે.

કુટુંબીઓ તેમના દાસીના બાળકને આઈસક્રીમ પાર્ટી માટે લઈ જાય તેટલું સરળ અથવા 'ગિફટ કરુણા' જેટલું મોટું હોઈ શકે તેટલું દયાળુ કાર્યની ઈવેન્ટ હોઈ શકે છે. બાદમાં એક એવી ઘટના છે કે જેમાં દર વર્ષે દસ હજાર જેટલા સ્કૂલનાં બાળકો વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના તેમના સાથીદારો સાથે ભેટો બનાવે છે અને તેમની આપ-લે કરે છે.

આ વર્ષે કોરોના મહામારીના કારણે દરેક માટે ખૂબ જ અઘરું રહ્યું છે. આ મુશ્કેલ સમયમાં, કરુણા દર્શાવવી અને મદદની જરૂર હોય તેવા લોકોને સહાયની ઓફર કરવી વધુ જટિલ છે. આને ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં ઝરણા રાવલ, વિધી વોરા, કેતા દેસાઈ અને તેમના મિત્રોએ તમારા વિસ્તારમાં સરળ પ્રવૃત્તિઓ કરવાની સૂચિ બનાવી છે જે આ ઉત્સવમાં જોડાવા માંગતા વ્યક્તિઓ સૂચિ પૈકી કેટલાક અથવા તે બધા કરી શકે છે અથવા જે હેતુ માટે ઉત્સાહી છે તેને ટેકો આપવા માટે અથવા કોઈપણ અન્ય પ્રવૃત્તિઓ ઉમેરી શકે છે. આ માટે તેમને www.daanutsav.org પર સ્રોત કીટ, વિચારો અને ઈવેન્ટ્સ મળશે. આ ઉત્સવમાં જોડાનાર મિત્રો અને પરિવારોએ દાન ઉત્સવ ઉજવી તેના ફોટા https://daanutsav.org/events/add-event/ પર અપલોડ કરવાના હોય છે. આ માટે વધુ વિગતો મેળવવા શિતલ પુરાંડરેનો sheetal spurandare@gmail.com પર ઈમેલ કરી સંપર્ક સાધી શકે છે.

### આ વર્ષે દાન ઉત્સવ માટે નિયત કરાયેલ કાર્યો

**૨ ઓક્ટો. - ભોજન બનાવીને મૂંગા પ્રાણીઓને ખવડાવવું**
**૩ ઓક્ટો. - સેનેટરી પેડ નું વિતરણ કરવું**
**૪ ઓક્ટો. - ફિટનેસ સર્કિટ પૂરી કરવી**
**૫ ઓક્ટો. - માનસિક સ્વાસ્થ્ય માટે આયોજિત વેબિનારમાં જોડાવવું**
**૬ ઓક્ટો. - ૨ કિમી.ના દાયરામાં વાહનનો ઉપયોગ ટાળવો**
**૭ ઓક્ટો. - વૃક્ષારોપણ કરવું**
**૮ ઓક્ટો. - ફૂડ પેકેટ, સેનેટાઈઝર અને માસ્કની કિટનું વિતરણ કરવું**



સેકટર-૨ ઉની લગ્નવાડી સામે ગટરલાઈનના ખોદકામ દરમિયાન ઈલેકટ્રીક વાયરો કપાઈ જતાં મોટો સ્પાર્ક થયો હતો. સ્પાર્ક એઠલો મોટો હતો કે આસપાસના રહીશો ઘરની બહાર નીકળી ગયા હતા. ટોરેન્ટ પાવરે તુરંત જ રીપેરીંગનું કામ શરૂ કરતાં વસાહતીઓને હાશ થઈ હતી.



આજ રોજ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય કમલમ ખાતે સંતરામપુરના ધારાસભ્ય પ્રો. ડો. કુબેરભાઈ એમ. ડિંડોરની ઓફિશિયલ વેબસાઈટ www. Kuberdindor.com ભાજપના રાષ્ટ્રીય સહ સંગઠન મંત્રી માન. વી. સતિષજીના વરદ હસ્તે તેમજ ગુજરાત પ્રદેશના ભાજપના સંગઠન મંત્રી માન. ભીખુભાઈ દલસાણીયાજીની પ્રેરક ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકવામાં આવી. આ સમયે આઈટી ટીમના વિશાલ પટેલ તલોદ તથા સંતરામપુરના કેતન પગી, જીગ્નેશ પગી તેમજ મિત્ર ડો. પી.આર. ચૌધરી સાથે એમ.એલ.એ.ના પીએ શ્રી જયેશભાઈ પટેલ અને કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ ધારાસભ્યશ્રીને વિશેષ કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### ચક્ષુદાન

માણસાના રહેવાસી ૨૯ વર્ષીય ધિરેન્દ્રસિંહ કેસરીસિંહ વિહોલનું અવસાન થતાં તેમના કુટુંબી વિજયસિંહ વિહોલની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. વેલુ, ડૉ. વિશ્વા તથા જુસીકાના કાર્યકર સજ્ની વાઘેલા દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવાની સેવા પુરી પાડવામાં આવી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવિલની ચક્ષુ બેંક ખાતે પહોંચાડવાનું કાર્ય રણજીત પાંડોર દ્વારા કરવામાં આવ્યું હતું.

# બિહોલા રાજપૂત સમાજની અગિયારમી વાર્ષિક સાધારણ સભા પાલજ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

બિહોલા રાજપૂત સમાજ ગુજરાત રાજયની અગિયારમી વાર્ષિક સાધારણ સભા રવિવારના રોજ પાલજ ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૦ના હિસાબો વાંચી મંજૂર કરવામાં આવ્યા અને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી ત્રણ વર્ષ માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી. જેમાં અધ્યક્ષ તરીકે પી.પી. બિહોલા, પ્રમુખ તરીકે ઝીલુસિંહજી બિહોલા, ઉપપ્રમુખ તરીકે છત્રસિંહજી બિહોલા તથા દિલીપસિંહજી બિહોલા, મહામંત્રી તરીકે કરણસિંહજી બિહોલા, સહમંત્રી તરીકે બળવંતસિંજી બિહોલા, સંગઠનમંત્રી તરીકે ભીખુસિંહજી બિહોલા, કોષાધ્યક્ષ તરીકે



મહેન્દ્રસિંહજી એચ. બિહોલા, આં.ઓડીટર તરીકે નટવરસિંહજી બિહોલા, યુવા સંગઠન કન્વીનર તરીકે કનકસિંહજી બિહોલા જયારે સહકન્વીનર તરીકે વિરેન્દ્રસિંહ બિહોલા અને મહિલા સંગઠન કન્વીનર તરીકે અંતરકુંવરબા બિહોલા તથા મહિલા સહકન્વીનર તરીકે હેમાંગીની બા બિહોલાની વરણી થઈ હતી.

આ કાર્યક્રમના અંતે ઈશ્વરસિંહ બિહોલા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરણસિંહ બિહોલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંસ્થા દ્વારા વરિષ્ઠ આગેવાનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# કયુ બટરફલાય બનશે ભારતનું 'રાષ્ટ્રીય પતંગિયું?'

## રાષ્ટ્રીય પતંગિયું બનવા પતંગિયાની સાત પ્રજાતિઓ વચ્ચે હરીફાઈ : ઓનલાઈન વોટીંગમાં ગાંધીનગરના પ્રકૃતિ અને વન્યજીવ પ્રેમીઓ પણ વોટ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૯

આપણા દેશમાં રાષ્ટ્રીય પક્ષી કહ્યું છે કે રાષ્ટ્રીય પ્રાણી કહ્યું છે તે તો સૌને ખબર છે, પરંતુ દેશમાં હવે ટૂંક સમયમાં એ પણ નિર્ધારિત થઈ જશે કે દેશનું રાષ્ટ્રીય પતંગિયું કયુ છે કેમ કે અત્યારે દેશમાં રાષ્ટ્રીય પતંગિયું નિર્ધારિત કરવા માટેની કવાયત ચાલી રહી છે. આ કવાયતમાં પતંગિયાની સાત પ્રજાતિઓ હરીફાઈમાં છે જે પૈકી એક પતંગિયાને દેશનું રાષ્ટ્રીય પતંગિયું જાહેર કરવા દેશના પચાસથી વધુ નિષ્ણાતો તેમજ સંશોધનકારો કાર્ય કરી રહ્યા છે. રાષ્ટ્રીય પતંગિયું નિર્ધારિત કરવા માટે ઓનલાઈન વોટ આપવાની છેલ્લી તા. ૮મી ઓક્ટોબર છે. આ કાર્યમાં ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમી અને વન્ય જીવ પ્રેમી યુવાનો પણ પોતાનો મત આપી રહ્યાં છે.

રાષ્ટ્રીય પતંગિયું બનવાની હરિફાઈમાં જે સાત પ્રજાતિઓ સામેલ છે તેમાં કૃષ્ણ પીકોક, કોમન જેઝેબલ, ઓરેન્જ ઓફલીફ, ફાઈવ બાર સ્વેલોટેલ, કોમન નવાબ, યલો ગોરગોન અને નોર્ધન જંગલ કવીન સામેલ છે. રાષ્ટ્રીય પતંગિયાની પસંદગી માટે ઓનલાઈન વોટિંગ દ્વારા મત માંગવામાં આવી રહ્યાં છે જેમાં પતંગિયાની મુખ્ય ત્રણ પ્રજાતિઓના સૂચન સાથેનો અહેવાલ કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયને સુપરત કરાશે. ઓનલાઈન વોટિંગમાં પતંગિયાની સાથે પ્રજાતિના ફોટો સાથે લક્ષણોની વિગતો પણ અપલોડ કરવામાં આવી છે જેથી વોટ આપનારને પસંદગી કરવામાં સરળતા રહે. અત્યાર સુધીમાં ચાલીસ હજારથી વધુ નાગરિકો રાષ્ટ્રીય પતંગિયું પસંદ કરવા ઓનલાઈન મત આપી ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પતંગિયું એ પ્રકૃતિના સંરક્ષણના જતનનો સંદેશો આપતું રાજદૂત ગણાય છે અને તે પર્યાવરણના આરોગ્યને દર્શાવતો એક જૈવિક સૂચકાંક પણ છે. નાગરિકોમાં પતંગિયા અંગે જાગૃતિ ફેલાય તે પણ આ ઝુંબેશનો એક હેતું છે. દેશમાં રાષ્ટ્રીય પતંગિયું પસંદ કરવા માટે હાથ ધરાયેલા ઓનલાઈન વોટિંગ માટે આ લિંક https://docs.google.com/forms/d/e/1FAIpQLSeVC9Mue8sFCEzOs8ku3XM41IFV9XaCB8-zAZV1de8mB0-3_g/viewform પર ક્લિક કરવા જણાવાયું છે. આ લિંક દ્વારા ગાંધીનગરમાંથી પણ અસંખ્ય વન્યજીવ પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ વોટ કરી ચૂક્યા છે અને બાકીના કરી રહ્યાં છે. રાષ્ટ્રીય પતંગિયું નિર્ધારિત કરવા માટે છેલ્લી તા. ૮મી ઓક્ટોબર છે.

### ચિરવિદાય

- સ્વ. રંજનબેન કનુભાઈ દરજી, ઉ.વ. ૬૫, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રકાશલાલ આયલદાસ થાવાણી, ઉ.વ. ૫૯, ભાટ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ જેઠાલાલ શંકરલાલ, ઉ.વ. ૭૩, વારાહી, જી. પાટણ
- સ્વ. ઠાકોર કુંવરબેન રામાજી, ઉ.વ. ૭૪, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. માણેકલાલ રણછોડભાઈ પારેખ, ઉ.વ. ૭૨, અડાલજ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર રાણાજી ખાનાજી, ઉ.વ. ૫૩, રૂપાલ, તા. ગાંધીનગર
- સ્વ. કેતુલકુમાર હસમુખભાઈ પટેલ, ઉ.વ. ૪૧, પીજ, તા. વસો, ખેડા
- સ્વ. કનુભાઈ રાઈજીભાઈ સોલંકી, ઉ.વ. ૭૦, ડભોડા (આનંદપુરા), ગાંધીનગર